વોટ અવસર લોકશાહીનો
વટ
વડોદરા

મતદાન કરો, નિશાની બતાવો અને.....

મેડિકલ સ્ટોર પરથી ૧૦ થી ૧૫% ડિસ્કાઉન્ટ મેળવો

વડોદરા લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી તા. ૭ મે, ૨૦૨૪ ના રોજ યોજાનાર છે. ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રના સઘન પ્રયાસોમાં હવે વડોદરા શહેરના કેમિસ્ટ અને ડ્રગીસ્ટ એસોસિએશન, અપોલો ફાર્મસી, મેડકાર્ટ ફાર્મસી સહિત માંજલપુર, મકરપુરા, તરસાલી, માણેજા અને ગોરવા વિસ્તારના કેમિસ્ટ્સ જોડાયા છે. મંગળવારે આ એસોસિએશનની ખોરાક અને ઔષધ નિયમન તંત્રના મદદનીશ કમિશનર સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આ એસોસિએશન દ્વારા મતદાન કરીને તેની નિશાની બતાવ્યા બાદ મેડિકલ સ્ટોર પરથી ૧૦ થી ૧૫ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એસોસિએશન દ્વારા શહેરના મેડિકલ સ્ટોર પર ૧૫૦૦ જેટલા મતદાન જાગૃતિ અંગેના સ્ટીકર તેમજ જાહેર સ્થળોએ મતદાન જાગૃતિ માટેના બેનર લગાવવામાં આવનાર છે. મેડિકલ સ્ટોરના પ્રવેશદ્વારે મતદાન જાગૃતિના સ્ટીકર પણ મૂકવામાં આવ્યા છે.

ગેસ એજન્સી ડીલરોએ મતદાન જાગૃતિ અંગેના સ્ટીકરો લગાવીને મતદારોને આકર્ષવા પ્રયાસ હાથ ધર્યો

લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.જેના ભાગરૂપે SVEEP અંતર્ગત જિલ્લા ગેસ એજન્સી ડીલરોને મતદાન જાગૃતિ અંગેના સ્ટીકરો ગેસ સિલિન્ડર પર લગાડવા માટે આપવામાં આવ્યા હતા. શ્રી રામ ગેસ એજન્સી ડીલર, અલકાપુરી, વડોદરા ખાતે મતદાન જાગૃતિ અંગેના સ્ટીકરો ગેસના સિલિન્ડર પર લગાડીને લીલી ઝંડી આપીને સિલિન્ડર વાળી ગાડીને ગ્રાહકો સુધી પોહચાડી તે દ્વારા મતદાન જાગૃતિ સંદેશ પાઠવવામાં આવ્યો છે.

‘ગ્રીષ્મા 24’ આર્ટ એક્ઝિબિશન



ગ્રીષ્મા 24’ આ વિષયને લઈને એક આર્ટ એક્ઝિબિશન હાઈ 10 ગેલેરીમાં તારીખ 23 થી 29 એપ્રિલ સુધી રોજ 11:00 થી 7 રાખવામાં આવેલ છે જેમાં ૧૭ આર્ટિસ્ટોએ ભાગ લીધો છે જે ભારતના વિવિધ રાજ્યોમાં થી આવેલા છે અને જેમાં આઠ વર્ષથી કરી અને દરેક ઉંમરના આર્ટિસ્ટોએ ભાગ લીધેલ છે જેમાંના અમુક આર્ટિસ્ટ ઇન્ડસ્ટ્રીયલીસ્ટ છે અને અમુક આર્ટિસ્ટ જે સેલ્ફ ટોટ આર્ટીસ્ટો છે.આ એક્ઝિબિશનમાં ગ્રીષ્મ ઋતુને લઈને પેઇન્ટિંગ અને આર્ટ નું પ્રદર્શન યોજવામાં આવેલ છે. આ એક્ઝિબિશનમાં દરેક આર્ટિસ્ટે વિષયને લઈને પોતાના મનમાં ચાલી રહેલા ભાવને પ્રગટ કરવાની કોશિશ કરી છે જે ખૂબ જ પ્રશંસનીય છે આ રીતે હાઈ 10 ગેલેરી નું આયોજન દરેક આર્ટિસ્ટોને પ્રોત્સાહન આપવાનું તેમજ કલાને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહી છે તો આ પ્રદર્શનનો સૌ કોઈએ નિહાળવાનો લાભ લેવો જોઈએ તેવી પણ અપીલ કરવામાં આવી છે.



શિક્ષણથી મોટું કોઇ હથિયાર નથી

સંસ્થા દ્વારા 1000-ડઝન નોટબુક તથા વિદ્યાર્થીઓની ફી પણ ભરાય છે

છત્રપતિ શિવાજી રાજે વિચાર મંચ દ્વારા પસ્તીદાન થી વિદ્યાજ્ઞાનનો મહાયજ્ઞ

શિક્ષણ થી મોટુ હથિયાર નથી “સંસ્થાના અધ્યક્ષ ગૌરવ પવળે ના માર્ગદર્શન હેઠળ વર્ષ 2020 થી શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લી. અને શ્રી છત્રપતિ શિવાજી રાજે વિચાર મંચ દ્વારા પસ્તીદાન થી વિધ્યાજ્ઞાન ના મહાયજ્ઞની શરૂઆત કરવા આવી હતી. અને આ વર્ષે એ પણ આ મહાયજ્ઞ નો અભિયાન શરૂ કરવા આવ્યુ છે. આ અભિયાન નો મુખ્ય હેતુ છે કે પાછલા કોરોના કાળ મા કેટલાય પરિવારો ની આર્થિક સ્થિતિ નબળી પડી છે અને તેને લીધે કેટલાક બાળકો ના આભ્યાસ પર સીધી અસર થઈ રહી છે. આવુ ના થાય અને કોઈ બાળક નુ ભવિષ્ય ના બગડે કોઈ ને આર્થિક તંગી ને લઈને આભ્યાસ છોડવો પડે તેવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે સંસ્થા દ્વારા પસ્તીદાન થી વિધ્યાજ્ઞાન અભિયાન શરૂ કર્યું છે તો અભિયાન મા આપ પણ જોડાઓ અને આ વિધ્યાજ્ઞાન મા આપણા ઘરમાં પડેલી પેપર પસ્તી અમને આપો અમે આ પસ્તી ને વેચાણ કરી ને રાશિ એકત્રિત કરી ને બાળકો ને નોટબુક, સ્કૂલ બેગ, અને શાળાની ફી ભરીએ છે. તો આ કાર્યક્રમની શરૂઆત આજે વાડી વિસ્તારમાં આવેલ ગોપાલ નગર સોસાયટીના રહિશો એ અંદાજીત 100કિલો પસ્તી આજે સંસ્થા ને આપી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં થી લોકો પસ્તીદાન કરે છે. સર્વ લોકોના સહકારથી સંસ્થા દ્વારા 1000-ડઝન નોટબુક તથા વિદ્યાર્થીઓની ફિ પણ ભરાય છે